॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

# સિદ્ધાન્તરહસ્ય

## શ્રીપુરુષોત્તમજીકૃત વિવરણસહિત

શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના ચરણ હૃદયમાં ધારણ કરીને, એમણે કહેલી વાણી કે જે શ્રીકૃષ્ણદેવના મુખકમળના મકરંદથી પૂર્ણ વાક્યોનો અનુવાદ કરીને જીવના દોષોનું નિવારણ કરે છે, તેનું વિવરણ દાસ ( શ્રી પુરુષોત્તમજી ) કરે છે.

**વિવરણ :** શ્રીમદાચાર્યચરણને ભગવાનની આજ્ઞાથી પોતાને અભિપ્રેત ભક્તિમાર્ગ પ્રકટ કરવાની ઇચ્છા થઈ. હવે 'જે ભૂમા છે તે સુખ છે' 'કૃષ્ એ અસ્તિત્વવાચક શબ્દ છે' વગેરે શ્રુતિઓમાં કહ્યું છે કે શ્રીકૃષ્ણ ભગવાન નિરવધિ આનંદરૂપ છે, **અને** 'તે આ આત્મા પાપવિનાના છે' અને 'નિર્દોષ પૂર્ણગુણ શરીરવાળા' એ પંચરાત્ર સ્મૃતિમાં કહ્યું છે કે ભગવાન નિર્દોષ છે, **અને** 'મુક્તજનો જ સેવા કરે' એ સૂત્રમાં સિદ્ધ થયું છે કે નિર્દોષ પુરુષો જ ભગવાનની સેવા કરી શકે છે અને આ સમયના જનો કલિયુગના દોષોથી ઘણા જ દુષ્ટ છે તેથી, એમણે કરેલી સેવારૂપ ભક્તિનો ભગવાન અંગીકાર ન કરે તેથી એનું ફલ થાય નહિ, માટે ઉપદેશ કરવામાં આવે તોપણ ભક્તિમાર્ગનું ફલ કેમ થશે એવી ચિંતા જ્યારે આચાર્યચરણને થઈ ત્યારે એ ચિંતાની નિવૃત્તિ કરવાને ભગવાન પ્રકટ થયા, અને કૃપા કરીને સાક્ષાત્ જે આજ્ઞા કરી તે નિજજનોને કૃપા કરીને જણાવવાને પ્રાકટ્યકાલની વાણી પ્રમાણે અહીં ગ્રંથમાં કહેતાં એ કહેવાની પ્રતિજ્ઞા શ્રાવણે એ પ્રથમ શ્લોકમાં કરે છે :

**श्रावणस्यामले पक्ष एकादश्यां महानिशि ।**
**साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥**

**અર્થ :** શ્રાવણ શુકલ પક્ષમાં એકાદશીની મધ્યરાત્રે સાક્ષાત્ ભગવાને જે આજ્ઞા કરી તે અક્ષરશઃ કહેવામાં આવે છે.

**વિવરણ :** અહીં માસ તિથિ **અને** સમયનું વર્ણન કર્યું છે તે જે સાધનો અપેક્ષિત છે તેને માટે સાધકમાં રહેલા આધિભૌતિક વગેરે ત્રિવિધ દોષ નિવૃત્ત કરવાનું સામર્થ્ય સૂચન કરવાને છે. શ્રવણ વૈષ્ણવ નક્ષત્ર છે, એના સંબંધથી પ્રસિદ્ધ થયેલો માસ શ્રાવણ 'જે કોઈ વૈષ્ણવ લોક છે' એ શ્લોકમાં કહેલા ન્યાયથી સાધકજનને પવિત્ર કરનાર છે. શુકલપક્ષ પણ અમલ (નિર્મળ) હોવાથી દરરોજ અંધકારને વધારે **ને** વધારે દૂર કરનાર છે, તેથી માસ અને પક્ષ બાહ્ય ભૌતિક દોષ નિવૃત્ત કરનાર છે. વળી એકાદશી ઉપવાસથી એકાદશ ઇંદ્રિયોના દોષ દૂર કરનારી છે **અને** ગુણો વધારનાર છે, તેથી એ આધ્યાત્મિક દોષોને હરે છે. અને મહાનિશા ભક્તોની રક્ષાને માટે પ્રકટ થયેલા ભગવાનનો પ્રાકટ્યકાલ હોવાથી આધિદૈવિક દોષ દૂર કરનારી છે. આવે સમયે પ્રકટ થઈ ને જે સાધનનો ઉપદેશ કર્યો તે સાધન સાધકમાં રહેલા ત્રિવિધ દોષ નિવૃત્ત કરે છે એમ સમજવું.

અહીં જે સર્વ આ ગ્રંથમાં કહ્યું છે તે ભગવાનનાં વાક્યોનો વિચાર કરીને શ્રીમદાચાર્યચરણે એના અર્થના સંગ્રહરૂપ પદ્ય રચી કહ્યું છે એમ સર્વે પ્રાચીન ટીકાકારો કહે છે.

અહીં મને તો બીજું પણ સ્ફુરે છે. એ આ પ્રમાણે. એકાદશ સ્કંધમાં ચાર સ્થલમાં **સમર્પણ** વિશે કહ્યું છે. ત્યાં પહેલાં યોગેશ્વરોનાં વાક્યોમાં **કવિએ** લક્ષણ આપ્યું કે 'ભગવાને અજ્ઞાની પુરુષોને



જલદી આત્મપ્રાપ્તિને માટે જે ઉપાયો કહ્યા છે તેને ભાગવત ઉપાયો સમજવા.' પછી એ ઉપાયોનું માહાત્મ્ય દર્શાવ્યું કે 'હે રાજન્, એ ઉપાયો કરનાર પુરુષ કદાચ પ્રમાદ કરે, અથવા આંખો વીંચીને દોડે, તોપણ અટકતો નથી અને પડતો નથી,' અને 'શરીર વડે, વાણી વડે' એ શ્લોકમાં ભગવદર્થ **સમર્પણની** આજ્ઞા કરી. પછી ભક્તિપૂર્વક ગુરુ અને ભગવદ્ભજન વગેરે બીજા ઉપાયો પણ કહીને 'ભક્તિ, પ્રભુનો અનુભવ, વૈરાગ્ય' વગેરે એ શ્લોકથી ભક્તિ વગેરે ચાર ફલ કહ્યાં. પછી **પ્રબુદ્ધે** ત્યાં 'ભાગવત ધર્મો શીખવા' એમ શરૂઆત કરી 'સર્વ સ્થલેથી મનનો અસંગ' વગેરે ઉપાયો કહેતાં યજ્ઞ કરેલું, દાન કરેલું, તપ જપ વ્રત કરેલું, વળી પોતાને પ્રિય હોય તે દારા સુત ગૃહ પ્રાણ સર્વનું પ્રભુને **નિવેદન** કરવું' વગેરે કહ્યું, અને એ શિક્ષાનું ફલ એમનાથી થતી ભક્તિ વડે માયા તરવારૂપ કહ્યું. **અને** એકાદશમા અધ્યાયમાં ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો કે 'સત્પુરુષોએ આદરેલી કેવા પ્રકારની ભક્તિ આપને વિશે ઉપયોગી થઈ પડે છે?' ભગવાને ઉત્તર આપતાં 'મારાં ચિહ્ન, મારા ભક્તજનનાં દર્શન સ્પર્શ અર્ચન' વગેરે આઠથી સર્વ લાભનું સમર્પણ **અને** દાસ્ય દ્વારા **આત્મનિવેદન** એ ભક્તિમાં ગણ્યું; ફલ કાંઈ ત્યાં કહ્યું નહિ તેથી ત્યાં પ્રશ્ન-વાક્યમાં કહેલો ભગવાનને વિશે ઉપયોગ એ જ ફલ. ઓગણીસમા અધ્યાયમાં તો મોટાઓએ શોધવાયોગ્ય ભક્તિનો પ્રશ્ન ઉદ્ધવજીએ કર્યો ત્યારે 'ભક્તિયોગ તો આગળ કહી ગયા છીએ' એમ કહી 'એનું (ભક્તિ-યોગનું) પરમ કારણ કહીશ' એમ પ્રતિજ્ઞા કરીને 'મારી અમૃત કથામાં શ્રદ્ધા' વગેરે ચાર શ્લોકથી એ કહ્યું, અને 'હે ઉદ્ધવ, આ પ્રમાણે આત્મનિવેદી મનુષ્યોના ધર્મો વડે' એ શ્લોકથી અધિકારરૂપે આત્મ-નિવેદન કહ્યું, **અને** 'મારામાં ભક્તિ ઉત્પન્ન થાય છે, પછી એનો શો અર્થ બાકી રહે છે?' એમ ફલ કહ્યું. માટે અહીં નિરૂપણ કરાતું બ્રહ્મસંબંધરૂપી સમર્પણ, એનું ફલ, એની ઉત્તમતા, એની આવશ્યકતા વગેરે જે છે તે એ જ ઉપર કહેલાં વાક્યોનો અનુવાદ છે એમ કોઈ શંકા કરે તેનો નિરાસ કરવાને માટે ઉપર કહેલા **અમુક સમયે ફરીથી પ્રકટ થઈ ને ભગવાને જ એ સમર્પણની** આજ્ઞા કરી છે એમ સમ-જાવવાને જ એ કાલનો અનુવાદ કર્યો છે. અને એ શ્લોકરૂપ વાક્યો પણ ભગવાનનાં જ સમજવાં, કેમકે **અક્ષરશઃ** કહેવામાં આવે છે એમ શ્લોકોમાં કહ્યું છે, માટે આ પ્રતિજ્ઞા પણ વાક્યકથનની જ છે.

શંકા–જો એ સમયે કહેલાં **વાક્યોની** જ આ પ્રતિજ્ઞા હોય તો **સમર્પણગદ્યની** પણ આજ્ઞા શા માટે ન કરી? ઉત્તર–સમર્પણગદ્ય તો પંચાક્ષરના વિવરણરૂપ અતિગોપ્ય છે, માટે એ ન કહ્યું. શાસ્ત્રમાં તો અતિગોપ્ય મંત્રો વગેરે માત્ર ઉદ્ધૃત કરેલા હોય છે, એને પ્રકટ રીતે કહેલા હોતા નથી; જેમકે **વ્યંજનોમાં** સોળમો, એકવીસમો ( તપ ) વગેરે. એ મંત્રમાં કહેલા ઉત્તમ પુરુષ અને છેલ્લા ક્રિયાપદથી સૂચિત કર્તાનું સ્વરૂપ, પરિકર સહિત એનું ભગવદીયત્વ, એનો જ ભગવાનથી વિયોગ વગેરે કહેલાં હોવાથી મંત્ર( પંચાક્ષર )માં કહેલા છઠ્ઠી વિભક્તિવાળા ભગવાનના સ્વામિત્વ સંબંધનું વિવરણ કરેલું છે; વળી 'કૃષ્ણ' પદને 'ભગવત્' વિશેષણ લગાડેલું છે ( **भगवते कृष्णाय** ), તેથી નિરંકુશપણે જગતના ઈશ્વરત્વ વગેરેનો બોધ થવાથી અવતારનું વ્યાવર્તન કરીને ( દૂર કરીને ) પંચાક્ષર મંત્રમાંના 'કૃષ્ણ'પદનું વિવરણ કર્યું છે અને તાદર્થ્ય ચતુર્થી વિભક્તિથી સમર્પણના ફલનો બોધ કર્યો છે, આ સર્વને લીધે ગદ્યમંત્રની અહીં આ શ્લોકોમાં આજ્ઞા કરી નથી. વળી નવવિધ ભક્તિમાં આત્મનિવેદનથી સમર્પણ પ્રસિદ્ધ છે, એટલે એમાં કાંઈ સંદેહ નથી, તેથી પણ અહીં એ કહ્યું નથી. સમર્પણનું દોષનિવર્તકત્વ ષષ્ઠ સ્કંધમાં 'જેમ કૃષ્ણને જેણે પ્રાણ અર્પણ કર્યા છે તે પુરુષની સેવા વડે' એ શ્લોકથી ભગવદીયના સંગથી કહેલું છે. વળી 'પ્રેષ્ઠના વિરહના દુઃસહ તીવ્ર તાપથી ધોવાઈ ગયાં છે સર્વે અશુભ જેમનાં' એ શ્લોકમાં કહ્યું છે કે ભગવાનના દુઃસહ વિરહતાપથી સર્વ અશુભનું નિવારણ થઈ જાય છે; એ વિરહતાપ એ વખતે ( બ્રહ્મસંબંધ કરતી વખતે ) નહિ હોવાથી સેવાનો અંગીકાર કરાવનાર દોષનિવૃત્તિ કેમ થાય એ શંકાની નિવૃત્તિને માટે ब्रह्मसंबंधकरण પદથી એની પહેલાંના સર્વનો અનુવાદ કરીને બ્રહ્મસંબંધથી જ સર્વ દોષની

શંકા–ભલે એમ હો, તથાપિ '**देह**થી શરૂ કરી અંતમાં **आत्मा** સુધી સર્વે સમર્પણ કરું છું' એમ ન કહેતાં અહીં ગદ્યમાં **आत्मना सह** કહ્યું, એનું કારણ શું? ઉત્તર–વિધેયાંશના નિષ્કર્ષનો અનુવાદ કરીને (જે જે કરવાનાં છે તે સર્વ કહીને) એમને વિશે અધ્યાસ ન થાય એ માટે એનું સ્વરૂપ સ્પષ્ટ કરવાને માટે જ, એમ સમજ. અહીં આત્મનિવેદનમાં સર્વ સાહિત્ય રાખવું (દેહ પ્રાણ દાર વિત્ત વગેરે); તેથી દેહાદિનો અનુવાદ કરીને દેહાદિનો આત્માની સાથે નિત્ય સંબંધ હોવાથી એમનું આત્માના સાહિત્ય તરીકે સમર્પણમાં નિરૂપણ કર્યું છે. દેહાદિ 'હું' એમ અધ્યાસના વિષય છે, દેહાદિના ધર્મ 'હું, મારું' એમ ઉભય અધ્યાસના વિષય છે, દારાદિ કેવલ મમતાવિષય છે. જેમ પિતાને નિમંત્રણ કર્યું હોય અને 'પુત્ર પિતા સહ આવ્યો' એમ કહેવામાં પિતાના પ્રાધાન્યનો નાશ થતો નથી તેમ **आत्मना सह** એમાં **सह** પદના પ્રયોગથી આત્માના પ્રાધાન્યનો નાશ થતો નથી. માટે ગદ્યમાં કહેલું સમર્પણ ઓગણીસમા અધ્યાયમાં કહેલા અધિકારના સ્વરૂપનો જ બોધ કરનારું છે, કોઈનો પણ અનુવાદ નથી, કેમકે અહીં વાક્યાર્થ અપૂર્વ છે. હવે આપણે પ્રસ્તુત વિષય કહીશું. ૧

આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને હવે વાક્યો (ભગવાન્‌નાં કહે છે:

**ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः ।**
**सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥**

**અર્થ :** બ્રહ્મસંબંધ કરવાથી, સર્વેના દેહ અને જીવના સર્વે દોષની નિવૃત્તિ નક્કી થાય છે. દોષ પાંચ પ્રકારના સ્મૃતિમાં કહ્યા છે.

**વિવરણ:** બ્રહ્મસંબંધ એટલે સર્વમાં ભગવાનનો સ્વામી તરીકેનો સંબંધ. એ કરવો, એટલે ભગવાને શ્રીઆચાર્યજીને ગદ્ય વડે આજ્ઞા કરેલો જે આત્મસમર્પણનો પ્રકાર તે રીતે ભગવાનને પોતાના આત્માસહિત પોતાના સર્વ પદાર્થોનું સમર્પણ કરવું એ. 'તે પોતે રમ્યા નહિ' એ શ્રુતિમાં કહ્યા પ્રમાણે અને 'આપની ક્રીડાને માટે આપે ત્રણે જગત કર્યાં છે: હે ઈશ, એમાં કુબુદ્ધિવાળા પોતાનું સ્વામિત્વ કરે છે' ઇત્યાદિ વાક્યોમાં કહ્યા પ્રમાણે વસ્તુતઃ સર્વ ભગવદીય હોવા છતાં 'તે રમ્યા નહિ' ઇત્યાદિ શ્રુતિ વડે રમણને માટે બીજું નિર્માણ કર્યું એમ શ્રવણ થાય છે તેથી તે તે પદાર્થમાં જીવનું 'હું' અને 'મારું' એવું અભિમાન, એનો પરિત્યાગ કરીને એને વિશે ભગવદીયત્વની વિજ્ઞાપના કરવી એ માટે સર્વે—સમર્પિત દેહ અને જીવના, સ્થૂલ અને લિંગ શરીરના સર્વદોષની નિવૃત્તિ નક્કી જ થાય છે. માટે ભગવાને જ ગીતામાં

---

પ્રકારે વિગ્રહ કરીને 'સૃષ્ટિ' શબ્દનું નિષ્પાદન શું છે તેથી. સૃષ્ટિશબ્દોપેત 'एकयाऽस्तुवत' ઇત્યાદિ અનુવાક્યમાં તે તે સમામ્નાત છે, કારણ કે 'ब्रह्मासृज्यत' 'भूतान्यसृज्यन्त' ઇત્યાદિએ સૃજ્ ધાતુનો પ્રયોગ એ ઉપધાન મંત્રોમાં છે. અહીં સુધી વિષયવાક્ય વ્યક્ત કરીને સંદેહ સ્પષ્ટ જ (ભાષ્યમાં) હોવાથી એ ન કહેતાં પૂર્વપક્ષ કહે છે કે એ ઉપધાન મંત્રોનું વિધાન અહીં સૃષ્ટિશબ્દે ઉપધાનમાં ગુણત્વે છે, કારણ કે 'उपदधाति' એ આખ્યા એ સહ 'सृष्टि'નો અભિસંબન્ધ છે. અહીં અર્થવાદ સંભવતો જ નથી, કારણ કે કોઈ વિધન્તરે સહ આ વિષયવાક્યની એકવાક્યતા નથી. આ પ્રકારે પૂર્વપક્ષ કરીને સિદ્ધાન્ત કહે છે કે અગ્નિચયન પ્રકરણમાં આ પઠિત હોવાથી એ મંત્રોનો આ મંત્રો સહ સામાન્યતઃ ચયન–સંબંધ જણાય છે, અને વિશેષ સંબન્ધ 'सृजति' લિંગથી જાણી લેવો. એમ થતાં પૂર્વજ પ્રાપ્ત હોવાથી એ મંત્રોને અનુવદીને સૃષ્ટિસંજ્ઞેષ્ટિકાનું ઉપધાનવિધાન છે. અનુવાદ 'સૃષ્ટિ' શબ્દે કરવાનું કારણ એ કે 'यथा 'सृष्टमेवानुसन्धे' એમ વક્ષ્યમાણ અર્થવાદ ઉપપન્ન છે, તેથી મંત્રાનુવાદી 'સૃષ્ટિ' શબ્દ ગુણવિધાયક નથી, પરન્તુ અર્થવાદ છે.[1]



'જે તું કરે, જેનો તું ભોગ કરે' વગેરેથી સર્વ કર્મ અર્પણ કરવાનું કર્તવ્ય તરીકે ઉપદેશ્યું, 'શુભ અને અશુભ ફલોવાળાં કર્મબંધનોથી એ પ્રમાણે તું છૂટશે' એમ એનું ફલ કહ્યું. એકાદશ સ્કંધમાં 'જે કરીને પુરુષ, હે રાજન્' એ શ્લોકથી પ્રમાદ વગેરે ન થવો એ ભગવદ્ધર્મ પ્રમાણે ચાલવાનું ફલ કહ્યું. આ સર્વ યોગ્ય જ છે. વસ્તુતઃ સર્વ બ્રહ્મરૂપ હોવાથી એમાં ભગવદીયત્વનું અનુસંધાન રાખવાથી એના ઉપદેહભૂત પ્રાકૃત ગુણથી થતા દોષની નિવૃત્તિ થાય જ. તેથી જીવાદિના દોષથી એમણે કરેલી સેવાના અંગીકાર વિશે ચિંતા ન કરવી. અહીં 'સર્વેનાં' એ શબ્દથી 'દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગંધર્વ, કોઈ પણ મુકુંદના ચરણની સેવા કરે તો, જેમ અમારું કલ્યાણ થયું તેમ, એમનું કલ્યાણ થાય' એ સપ્તમ સ્કંધના પ્રહ્લાદના વાક્યમાં કહેલા સર્વે ભજનના અધિકારીઓનો સંગ્રહ કર્યો. 'જીવ' એટલે શરીરવાળો ચેતન પદાર્થ, કેવલ જીવ ન સમજવો, કારણ કે એ પોતે તો નિર્દોષ છે એમ અસંગ શ્રુતિથી શારીર બ્રાહ્મણમાં સિદ્ધ જ છે. 'દેહ' પદ જુદું કહેવાનું કારણ એ કે સ્થૂલ શરીરના દોષો ક્ષણે ક્ષણે અનુભવમાં આવે છે અને દોષોના સમૂહરૂપ છે, એ જણાવવાને માટે. અથવા, 'જીવ' પદથી અવિદ્યાના સંબંધવાળો ચેતન સમજવો અને 'દેહ' પદથી સ્થૂલ અને સૂક્ષ્મ દેહ સમજવા.

શંકા–માત્ર બ્રહ્મસંબંધ કરવાથી જ જો દેહ અને જીવમાં રહેલા સર્વ દોષોની નિવૃત્તિ થાય તો દેહ અને જીવ નિર્દુષ્ટ થઈ જાય, અને કાંઈ પ્રતિબંધ ન રહે એટલે એ જ સમયે સેવાથી મુખ્ય ફલની પ્રાપ્તિ થાય, કેમકે ગદ્યમાં એને માટે જ સમર્પણ કહ્યું છે. એમ કહો કે મુખ્ય ફલ તો પ્રભુ દાન કરે ત્યારે જ મળે, તેથી પ્રભુની ઇચ્છાને અધીન છે, તોપણ મુખ્ય ફલ નહિ તો સાયુજ્યપ્રાપ્તિ તો થવી જ જોઈએ, કેમકે પ્રતિબંધ તો કાંઈ રહ્યો નહિ, સેવા તો પૂર્વે કરેલી છે, અને એવી પ્રમાણસિદ્ધ સેવાનું ફલ પણ મળવું જ જોઈએ; ફલ ન મળે એમ કહેવાય નહિ. તેથી સાયુજ્ય ફલ સ્વીકારો તો પુષ્ટિમર્યાદા ભક્તિમાર્ગનો જ ઉચ્છેદ થઈ જાય, કેમકે ઉપદેશક જ ન રહે. વળી, ઉપર કહ્યા પ્રમાણે બ્રહ્મસંબંધ કર્યા પછી પણ દોષો તો પ્રત્યક્ષ અનુભવમાં આવે છે, એટલે દોષની નિવૃત્તિ થઈ જાય છે એ કહેવું પણ અનુભવની વિરુદ્ધ છે, માટે એમની નિવૃત્તિ કેમ સમજવી? આ આકાંક્ષા થાય તેથી દોષનિવૃત્તિનું સ્વરૂપ કહેવાને પહેલાં ભગવાન દોષો ગણે છે, અને એઓની નિવૃત્તિનું સ્વરૂપ दोषाः એ દોઢ શ્લોકથી આજ્ઞા કરે છે. અહીં જીવોના સહજ (સાથે જન્મેલા) દોષ અવિદ્યાસંબંધ, એનાથી થયેલું અભિમાન, અને પ્રાણ ધારણ કરવાનો પ્રયત્ન. લિંગ દેહના સહજ દોષ કામ ક્રોધ વગેરે, અને ક્ષુધા વગેરે. સ્થૂલ દેહના સહજ દોષ માતાપિતાના મલનો સંબંધ અને રોગો વગેરે. દેશ કાલથી થતા દોષ સ્થૂલ સૂક્ષ્મ દેહને જ હોય છે, જીવને નહિ. એ દોષોનો દેહ દ્વારા જીવને વિશે ઉપચાર કરવામાં આવે છે, (લગાડવામાં આવે છે). એમાં દેશથી થતા દોષ મગધ મરુ સિન્ધુ વગેરે દેશોને વિશે ઉત્પત્તિથી, ત્યાં જવા વગેરેથી થયા હોય તે. કાલથી થતા તે કલિથી થતા, ખરાબ મૂહૂર્તથી થતા, અને અવસ્થાથી થતા. उत्थ (ઉત્પન્ન થવું) શબ્દ દ્વન્દ્વસમાસને અંતે આવે તો દરેકની સાથે એનો સંબંધ હોય છે, તેથી અહીં બે દોષ સમજવા: देशोत्थ અને कालोत्थ. આ દોષોને ભક્તિમાર્ગીય દોષોથી જુદા પાડવાને એઓને વિશે રહેલી વિશેષતાનું નિરૂપણ કરે છે, लोकवेदनिरूपिताः એ પદથી. આ વિશેષણ દેલી–દીપવત્ (દેહલીમાં મૂકેલો દીવો અંદર અને બહાર બંને સ્થલે પ્રકાશ આપે તેમ) પૂર્વે કહી ગયા તે છે તે અને પાછલા કહેવાના બંનેની સાથે સંબંધ રાખે છે, તેથી પાંચ પ્રકારના દોષ સાથે એ વિશેષણ યોજવું. આ યોગ્ય જ છે. એકાદશ સ્કંધમાં ઉદ્ધવવાક્યમાં 'ગુણ અને દોષના ભેદવાળી દૃષ્ટિ તને વેદથી થાય છે, સ્વતઃ નહિ' એમાં ગુણદોષને શ્રુતિમૂલક કહ્યા છે; અને લોક પણ દૂરથી વેદ પર જ આધાર રાખે છે. સંયોગથી થતા દોષ એટલે બુદ્ધિપૂર્વક અને ઇચ્છાથી સારી રીતે મન યોજવાથી ઉત્પન્ન થાય તે. સ્પર્શથી થતા દોષ અબુદ્ધિપૂર્વક અને અનિચ્છાથી થયેલા તે. એ कथंचन એટલે શ્રૌત પ્રકારે અથવા સ્માર્ત પ્રકારે અથવા લૌકિક પ્રકારે કોઈપણ રીતે સેવાના પ્રતિબંધક તરીકે માનવા

નહિ. બ્રહ્મસંબંધ કર્યા પછી દેહ ઇંદ્રિય પ્રાણ અંતઃકરણ અને જીવોમાં, અને એમના ધર્મોમાં ભગવદીયત્વનું અનુસંધાન કરવાથી સ્વામી તરીકે અને પ્રેરક તરીકે ભગવાનનું જ અનુસંધાન રાખવાથી એમનામાં આપણા સંબંધિત્વની નિવૃત્તિ થાય છે, એટલે જો કે સ્વરૂપથી એઓનો (દોષોનો) નાશ થયેલો હોતો નથી, તોપણ પારકા હોય તેમ આપણને કાંઈ પણ નહિ કરી શકવાથી, એઓની સેવાના પ્રતિબંધક તરીકેની નિવૃત્તિ તે નિવૃત્તિ અભિપ્રેત છે. સ્વરૂપથી એઓની (દોષોની) સ્થિતિ હોવાથી એ જ સમયે સાયુજ્યપ્રાપ્તિ થતી નથી, તેમ પ્રત્યક્ષ વિરોધ પણ આવતો નથી. પ્રતિબન્ધના સામર્થ્યની નિવૃત્તિ થઈ જાય છે એટલે સેવાનો અંગીકાર પ્રભુ કરે છે, એટલે એમાં અસંભવિત જેવું કશું નથી.

શંકા—આવી દોષનિવૃત્તિ તો પ્રાયશ્ચિત્ત વગેરેથી પણ થાય તેથી બ્રહ્મસંબંધમાં વિશેષ શું છે? ઉત્તર—બ્રહ્મસંબંધ વિના સર્વ દોષોની નિવૃત્તિ કોઈ પણ પ્રકારથી, કર્મ જ્ઞાન કે ભક્તિરૂપ કોઈ પણ સાધનથી થતી નથી, કેમકે દોષનાં કારણ કર્મ દેશ કાલ વિદ્યમાન હોય છે, તેઓ વડે સંયોગ અને સ્પર્શથી એઓની ઉત્પત્તિ નિયત રીતે થયા કરે છે. પણ જ્યારે બ્રહ્મસંબંધ કરવામાં આવે ત્યારે જીવ દેહ વગેરે જેમને દોષ લાગે છે તે તે તો ભગવદીય થાય છે, એ ભગવદીયત્વનું અનુસંધાન રાખવાથી એઓને વિશે આપણો સંબંધ નિવૃત્ત થઈ જાય છે, તેથી દોષો કાંઇ કરી શકતા નથી; માટે આ બ્રહ્મસંબંધ જ દોષનિવૃત્તિનું સ્વતન્ત્ર સાધન છે, બીજું કોઈ પણ સાધન નથી.

અહીં આમ સમજવું. એકાદશ સ્કંધમાં જીવોનું કલ્યાણ કરવાની ઇચ્છાથી 'ત્રણ યોગ મેં કહ્યા છે, કર્મ, જ્ઞાન અને ભક્તિ' એ વાક્યમાં ભગવાને જીવોનાં ત્રણ શ્રેયઃસાધન કહ્યાં. શ્રેય તે દુઃખનો અભાવ અને સુખ. ચતુર્થ સ્કંધમાં નારદજીએ કહ્યું છે કે હે 'રાજન્, કર્મથી આત્માનું કયું શ્રેય તું ઇચ્છે છે? શ્રેય એટલે દુઃખની હાનિ અને સુખની પ્રાપ્તિ, એ તો અહીં થતી નથી.' ત્યાં પ્રથમ દુઃખનો અભાવ શોધવો જોઈએ, કેમકે બુદ્ધિની પ્રથમ પ્રવૃત્તિ એમ જ થાય છે. દુઃખ ઉપર કહેલા દોષોથી જ થાય છે. પ્રાયશ્ચિત્ત કર્મોથી દુઃખની અત્યંત નિવૃત્તિ થતી નથી, કેમકે પ્રાયશ્ચિત્ત કર્મો કર્યા પછી પણ પાપમાં મનની પ્રવૃત્તિ જણાય છે. ષષ્ઠ સ્કંધમાં પણ શુકદેવજીનું વાક્ય છે કે 'કર્મથી કર્મનો નાશ આત્યંતિક થતો નથી, કારણ કે એમાં તો અજ્ઞાની જનોનો જ અધિકાર છે. તેથી જ્ઞાન એ જ પ્રાયશ્ચિત્ત છે.'

શંકા—ત્યારે જ્ઞાનથી દોષોની નિવૃત્તિ થશે, કેમકે ગીતામાં ભગવદ્વાક્ય છે કે 'હે અર્જુન, જેમ સળગાવેલો અગ્નિ લાકડાંને ભસ્મ કરે છે તેમ જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને ભસ્મ કરે છે.' સમાધાન—'પથ્ય અન્નનું જે ભોજન કરતો ન હોય તેનો જ વ્યાધિઓ પરાભવ કરે છે. હે રાજન્, આ પ્રમાણે નિયમ પ્રમાણે વર્તનાર ધીમે ધીમે કલ્યાણને પામે છે. તપ, બ્રહ્મચર્ય, શમ, દમ, ત્યાગ, સત્ય, શૌચ, યમ, નિયમ એ સર્વ વડે ધર્મજ્ઞ શ્રદ્ધાવાન ધીર પુરુષો દેહ વાણી અને બુદ્ધિથી થયેલું પાપ, મોટું હોય તોપણ, કાઢી નાખે છે; જેમ અગ્નિ વાંસના સમૂહને બાળી નાખે છે તેમ,' એ ત્રણમાં પ્રથમમાં પથ્ય ભોજનના દૃષ્ટાન્તથી ધીમે ધીમે જુદાં જુદાં સાધનોથી, 'ક્ષેમ' શબ્દથી સમજાતા જ્ઞાનની ઉત્પત્તિ કહી, બીજામાં એનાં સહકારી નવ સાધન કહ્યાં, અને ત્રીજામાં પાપનાશ કહ્યો. **તપ** એટલે એકાગ્રતા, કેમકે સ્મૃતિમાં કહ્યું છે કે 'મન અને ઇંદ્રિયોની એકાગ્રતા તે પરમ તપ; **બ્રહ્મચર્ય** એટલે 'સ્મરણ, કીર્તન, કેલિ, પ્રેક્ષણ, ગુહ્યભાષણ, સંકલ્પ, નિશ્ચય અને ક્રિયાનું સુખ' આ અષ્ટાંગ મૈથુનથી વિપરીત, (એમાંનું એક પણ ન હોય એ બ્રહ્મચર્ય); **શમ** એટલે મનનો નિગ્રહ; **દમ** એટલે બાહ્ય ઇન્દ્રિયોનો નિગ્રહ; **ત્યાગ** એટલે દાન; **સત્ય** એટલે સત્ય ભાષણ; **શૌચ** એટલે દેહની અશુદ્ધિ નિવૃત્ત કરવાનો આચાર; **યમ** એટલે અહિંસા વગેરે; **નિયમ** એટલે જપ વગેરે.' આ પ્રમાણે શ્રીધરે એનું વિવેચન કરેલું છે, એટલે આ પ્રમાણે બહુ કાલે દોષનિવૃત્તિ થાય



તેથી સહકારીનાં સાધનોના અભાવમાં હાલમાં **જ્ઞાનની** ઉત્પત્તિ જ દુર્ઘટ છે, અને કદાચ થાય તોપણ સહકારી સાધનોની તો દુર્લભતા જ.

હવે **ભક્તિથી જ** દોષની નિવૃત્તિ બાકી રહી, કેમકે ભક્તિથી પાપનું નિવારણ થાય છે એ નીચેના શ્લોકોમાં કહ્યું છે: 'કેટલાક વાસુદેવપરાયણ જનો કેવળ ભક્તિથી સમગ્ર પાપને દૂર કરે છે, જેમ સૂર્ય ઝાકળને દૂર કરે છે તેમ. હે રાજન્, શ્રીકૃષ્ણને પ્રાણ અર્પણ કરનાર આ પાપી પુરુષ ભગવજ્જનની સેવા વડે જેમ પવિત્ર થાય છે તેમ તપ વગેરેથી થતો નથી. લોકમાં આ જ પંથ કલ્યાણકારક ક્ષેમ અને અભય છે કે જેમાં સુશીલ સાધુ નારાયણ—પરાયણ પુરુષો હોય છે. હે રાજેન્દ્ર, જેમ નદીઓ મદિરાના પાત્રને પવિત્ર કરી શકતી નથી, તેમ કરેલ પ્રાયશ્ચિત્ત નારાયણથી પરાઙ્મુખ જનને પવિત્ર કરી શકતાં નથી. જેઓએ અહીં પોતાનું મન શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં એક વાર પણ ધર્યું છે, એમના ગુણોમાં અનુરાગવાળું કર્યું છે, તેઓ પાપાચરણમાંથી મુક્ત થઈ સ્વપ્નમાં પણ યમને કે પાશવાળા દૂતોને જોતા નથી.' આ વાક્યોમાં કહેલી ભક્તિ બ્રહ્મસંબંધ કરવાથી જ સિદ્ધ થાય છે, એ વિના થતી નથી. એ આ પ્રમાણે અહીં પ્રથમ વાક્યમાં **કેટલાક** પદ મૂક્યું છે તેથી એવા અધિકારી કોઈક જ, દુર્લભ હોય છે એમ સૂચવ્યું છે. **કેવલ** એ પદથી ભક્તિને સહકારી સાધનોની અપેક્ષા નથી એમ કહ્યું, તેથી ભક્તિનું જ્ઞાન કરતાં પ્રાબલ્ય જણાવ્યું. **સમગ્ર** એ પદથી અને ઝાકળ અને સૂર્યના દૃષ્ટાન્તથી સકળ, અવશેષ પાપનો નાશ સૂચવ્યો, કેમકે પ્રચંડ સૂર્ય હોય ત્યારે ઝાકળનો એવો નાશ થાય છે કે કાંઈ અવશેષ રહેતો નથી. બીજા વાક્યમાં **શ્રીકૃષ્ણને પ્રાણ અર્પણ કરનાર** એ અધિકારીનું વિશેષણ મૂક્યું છે, તેથી એણે બ્રહ્મસંબંધ કર્યો છે એમ સૂચવ્યું છે. એ યોગ્ય જ છે. જેનાં પાપ દૂર થયેલાં છે તેવો ભગવાનના સ્વામિત્વનું અનુસંધાન કરે ત્યારે એની દોષનિવૃત્તિ થાય એ યોગ્ય જ છે. પણ આ વિશેષ છે. ત્યાં **ભગવજ્જનની સેવા વડે** એમ તૃતીયા વિભક્તિથી સર્વદા ભગવદ્ભક્તનો સંગ સૂચવ્યો છે. ત્રીજા વાક્યમાં માર્ગનો ઉત્કર્ષ જણાવવાને ભગવદ્ભક્તનું સ્વરૂપ જણાવીને દાંભિક વગેરેના સંસર્ગનો ત્યાગ સૂચવ્યો છે. ચોથા વાક્યમાં **બહિર્મુખે કરેલાં પ્રાયશ્ચિત્ત, નદીઓ મદિરાના પાત્રને પવિત્ર કરી શકતી નથી તેમ, કરી શકતાં નથી** એ દૃષ્ટાન્ત આપીને એનું વૈફલ્ય કહ્યું, **પાંચમા** વાક્યમાં **એક વાર ભગવાનના ચરણારવિંદમાં ધરેલું જેમનું મન એના ગુણનું અનુરાગી** થયું તેમને યમ અને એના દૂતોના દર્શનનો અભાવ જણાવીને પાપનો નિઃશેષ નાશ સમજાવ્યો, અને પછી અજામિલના ઉપાખ્યાનમાં એનું વિવેચન કર્યું. માટે ભગવદ્ભક્તનો સંગ, દાંભિકના સંગનો ત્યાગ, બીજાં સાધનોમાં અશ્રદ્ધા, અને ભગવાનના ગુણોમાં અનુરાગી ચિત્ત જ્યારે થાય ત્યારે આ આ પ્રમાણે થાય, કેમકે એનો નિર્ણય શ્રીમદાચાર્યજીએ એ જ સ્થલના નિબંધની કારિકામાં નિરૂપિત કર્યો છે કે 'જેઓ **ભગવદ્ભક્ત** છે અને કોઈક કારણથી પ્રભુથી વિખૂટા પડ્યા છે, **તેમના જ** પાપનો નિશ્ચિત રીતે સર્વ પ્રકારે નાશ થાય છે.' એમ હોવાથી જેઓ પૂર્વે ભગવત્સેવકો છે **અને કોઈક હેતુથી અહીં આવ્યા છે, તેમને માટે જ આ માર્ગ છે, તેથી એઓ જ બ્રહ્મસંબંધ કરવાથી સર્વ દોષથી નિવૃત્ત થાય છે. એમનો જ બ્રહ્મસંબંધમાં અધિકાર છે.** તેથી જ શ્રીમદાચાર્યજીએ નિબંધની શરૂઆતમાં આજ્ઞા કરી કે 'સાત્ત્વિક ભગવદ્ભક્તો મુક્તિના અધિકારી છે. જેમનો સંસારમાં છેલ્લો જન્મ છે તેમને માટે આ નિરૂપણ કરવામાં આવે છે.' તેથી જો કે માઘસ્નાનના વિષયના વાક્યમાં દૃષ્ટાન્તમાં કહ્યું છે કે 'હે રાજા, જેમ અહીં વિષ્ણુની ભક્તિમાં સર્વનો અધિકાર છે' અને સપ્તમ સ્કંધમાં પ્રહ્લાદના વાક્યમાં કહ્યું છે કે 'દેવ, અસુર, મનુષ્ય, યક્ષ, ગન્ધર્વ કોઈ પણ મુકુંદના ચરણારવિંદનું ભજન કરે તો, જેમ અમારું કલ્યાણ થયું તેમ, એનું પણ કલ્યાણ થાય,' તેથી સ્વરૂપયોગ્યતારૂપ અધિકાર સર્વેનો છે, તોપણ ફલ તો ઉપર કહેલા ભગવદ્ભક્તોને જ થાય છે. માટે **બ્રહ્મસંબંધ તાદૃશને જ કરાવવો.** ભજનમાં ઉત્કટ આદર, એને ઉત્પન્ન કરનાર ગુરુની સેવા, એને અનુકૂલ પ્રશ્ન, માર્ગ ઉપર રુચિ, વેશ ભાષા આચાર સર્વે ઉપરથી તાદૃશ અધિકાર સમજવો, કેમકે 'જો

દુરાચારી પણ અનન્યતાથી મારું ભજન કરે તો એને સાધુ માનવો, કેમકે એ સારા વ્યવસાયમાં પડેલો છે' એ વાકયમાં એવાને પણ સાધુ માનવાનું કહ્યું છે. અને આગળ 'જલદી એ ધર્માત્મા થઈ જાય છે, ચિરકાલ શાંતિને પ્રાપ્ત થાય છે. હે અર્જુન, તું સારી રીતે સમજ કે મારો ભક્ત નાશ પામતો નથી' એ વાકયમાં એનું અભિજ્ઞાપક (લક્ષણ) પણ કહ્યું છે. વળી જેને પોતાને ઉત્કંઠા ન હોય, પણ સત્સંગથી અથવા કુલપરંપરાથી ઉપદેશ લેવા આવે તેને પણ ઉપદેશ આપવો યોગ્ય છે. પણ એના પર ભગવાનની કૃપા છે કે નહિ એ નિશ્ચિત નથી, તેથી એને ફલ થશે કે નહિ એ નક્કી કહી શકાતું નથી, તોપણ એવાને ઉપદેશ કરનારને દોષ લાગતો નથી, કેમકે સત્સંગ વગેરેથી એને (બ્રહ્મસંબંધ) ઉપદેશ આપેલો છે. પણ એની પરીક્ષા કરવી. જો ભગવદ્ધર્મમાં એને શ્રદ્ધા આવે, તો 'જેમ જેમ હરિ કૃષ્ણ એના મનમાં પ્રવેશ કરે તેમ તેમ સાધનોમાં નિષ્ઠા વધતી જાય' એમ શ્રીમદાચાર્યજીએ કહેલી રીતિએ જાણીને માર્ગરીતિએ એને બોધ કરવો. જો એ ઉદાસીન રહે તો એને બોધ ન કરવો. જો એનામાં બાહિર્મુખ્ય જોવામાં આવે તો તો એની ઉપેક્ષા કરવી. એકાદશ સ્કંધમાં યોગેશ્વરનાં વાક્યોમાં ભાગવતનાં (ભગવદીયનાં) લક્ષણમાં કહ્યું છે કે 'જે ઈશ્વર પર પ્રેમ કરે, ઈશ્વરાધીન જન સાથે મૈત્રી કરે, બાલિશ પર કૃપા કરે, દ્વેષીની ઉપેક્ષા કરે, તેને મધ્યમ ભગવદીય સમજવો.' શ્રીમત્પ્રભુચરણે પણ વિજ્ઞપ્તિમાં કહ્યું છે કે 'જેઓએ નિવેદન કર્યું નથી તેમની સાથે સદા ઉદાસીનતાથી આચરવું, અને જેઓએ નિવેદન કરેલું છે તેઓ પણ જો પ્રાવાહિક હોય તો સદા એમની ઉપેક્ષા જ યુક્ત છે.' પોતે પત્રમાં લખ્યું છે કે 'વિજાતીય જનથી ભરેલા સ્થલમાં નિજધર્મનું ગોપન કરીને સર્વદા રહેવું એમ ભાસે છે, કેમકે હરિની ઇચ્છા જ સર્વના ઉદ્ધારની વિરુદ્ધ છે, નહિ તો શ્રીમદાચાર્યથી વિમુખ જનો આ પથમાં કેમ હોય?' ઉચ્છૃંખલપણાનું નિવારણ કરવા માર્ગરીતિનો બોધ કરવા, અન્યથા–બુદ્ધિ દૂર કરવા પ્રસંગ હોવાથી આ કહ્યું છે. ૨

**सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।**
**संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥**
**अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।**

**અર્થ :** લોકે તથા વેદમાં નિરૂપણ કરેલા સહજ દોષ, દેશ તથા કાલથી ઉત્પન્ન દોષ, સંયોગથી થતા તથા સ્પર્શથી થતા દોષ કોઈ પણ પ્રકારના માનવા નહિ, નહિ તો બીજી કોઈ પણ રીતે સર્વ દોષોની નિવૃત્તિ થતી નથી.

**વિવરણ :** પ્રાચીન ટીકાકારોએ તો અહીં પાંચ પ્રકારના દોષાનું સ્વરૂપમાત્ર પોતપોતાની વિચારેલી રીતિએ કહ્યું છે, પ્રાસંગિક વિચાર કર્યો નથી, પ્રત્યક્ષ વિરોધનો પરિહાર પણ કર્યો નથી. એમ હોવાથી એમને મતે આધુનિક હીન અધિકારીઓના દોષોની નિવૃત્તિ વગેરે એમની રીતિએ કષ્ટથી સાધી શકાય, તેથી એમના મતને નહિ અનુસરતાં શ્રીરઘુનાથજીના વિવરણને અનુસરીને વિવેચન કર્યું છે. શ્રીગોકુલનાથજીના મત પ્રમાણે તો અહીં બ્રહ્મસંબંધ કર્યાથી પૂજામાર્ગમાં કહેલા દોષોની જ નિવૃત્તિ થાય છે. એ રીતે દેહ ભૌતિક હોવાથી ભૂતશુદ્ધિથી નિવૃત્ત થાય તે સહજ દોષ. 'તે ભૂતો દૂર થાઓ' 'આસન પવિત્ર કર' ઇત્યાદિથી આસન વગેરેની શુદ્ધિ કરવાથી પૂજાના સ્થલમાં દોષો હોવાનું સમજાય છે તે દેશથી ઉત્પન્ન થતા દોષ. 'પ્રાતર્હોમ કરીને અથવા બ્રહ્મયજ્ઞ કરીને અથવા માધ્યાહ્નિક કરીને પુરુષોત્તમની પૂજા કરવી' એમ કાલનું વિધાન કરેલું હોવાથી અન્ય કાલે પૂજન કરવામાં આવે તેમાં જે દોષ થાય તે કાલથી ઉત્પન્ન થતા દોષ. એ બંને દેશ અને કાલથી થતા દોષોનું એક જ પદમાં નિરૂપણ કરેલું હોવાથી એ એક જ સમજવા. લોકમાં નિરૂપણ કરેલા 'બ્રહ્માના લોકથી માંડીને સર્વ લોકનો પુનર્જન્મ થાય છે' એ વાકયમાં કહ્યા પ્રમાણે



પુનરાવૃત્તિરૂપ. વેદમાં નિરૂપણ કરેલા 'જેની સ્મૃતિ વડે' એ વાકયમાં કહેલા ન્યૂનત્વાદિરૂપ. એ બંને એક પ્રકારના. સંયોગથી થતો દોષ તે અભિમંત્રેલા જલનો નહિ મંત્રેલા જલ સાથે સંયોગથી થાય તે. સ્પર્શથી થતો દોષ તે આણેલાં ગંધ પુષ્પ વગેરેને સ્ત્રી શૂદ્રના સ્પર્શથી થયેલો તે. શ્લોકમાં ચકાર છે તેથી બીજા નૈવેદ્ય વગેરે પર દૃષ્ટિ વગેરે પડવાથી થતા દોષો ભક્તિમાર્ગમાં ગણવા નહિ, એમ શ્રીગોકુલનાથજીએ વ્યાખ્યાન કર્યું છે. એ નહિ ગણવાનો હેતુ બ્રહ્મસંબંધ કરેલો તે જ. અપરાધોનું ભગવાને જ નિવારણ કરેલું છે તેથી એ ગણવા નહિ, એવો આશય ત્યાં છે. ૩½

હવે પ્રકૃત વિષય પર આવીએ. શંકા—પૂર્વ દોષોની નિવૃત્ત આમ ભલે થાઓ, તોપણ કર્મ દેશ કાલ એ દોષના હેતુ તો વિદ્યમાન છે જ, એઓના સંયોગાદિ ઉત્પન્ન થવાના, તો સંયોગ સ્પર્શથી થતા દોષોનું નિવારણ કેવી રીતે કરવું? સમાધાન નીચેના શ્લોકમાં આપ્યું છે :

**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥**
**निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ।**

**અર્થ :** તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. ભગવાનને નિવેદન કરેલી વસ્તુઓ વડે સમર્પણ કરીને જ સર્વ કરવું એવી ભક્તિમાર્ગની મર્યાદા છે.

**વિવરણ :** બ્રહ્મસંબંધ કર્યા વિના સર્વ દોષની નિવૃત્તિ થતી નથી, તેથી આત્મસમર્પણ પછી અસમર્પિત વસ્તુઓ જે પ્રાપ્ત થાય તે 'સર્વ પ્રાપ્ત થયેલાનું નિવેદન' એમાં કહેલી રીતિએ ભગવાનને નિવેદન નહિ કરેલા પદાર્થોનો ત્યાગ કરવો. वृज् ધાતુનો અર્થ વર્જન કરવું એ. વર્જન એટલે સંસર્ગનો ત્યાગ, એ કરવો. એ ભગવાનને નિવેદન કર્યા વિના પોતાના વિનિયોગમાં ન લેવા. પ્રારબ્ધ આદિ પ્રત્યક્ષ સામગ્રી સંપાદનરૂપ વ્યાપાર વિના સંયોગ અને સ્પર્શ ઉત્પન્ન કરતાં નથી. એવા દૃષ્ટિએ પડતા વ્યાપારથી સંપાદન કરેલી સામગ્રી અસમર્પિત રહે તો દોષ ઉત્પન્ન થાય, સમર્પિત હોય તો દોષ લાગે નહિ, કેમકે એ તો (સમર્પિત) ભગવદીય થઈ. માટે અસમર્પિત સામગ્રીનો સંસર્ગ ન થાય તો સંયોગ અને સ્પર્શથી થતા દોષોનો સંબંધ ન થાય, તેથી એ દોષોનું નિવારણ થાય.

શંકા એમ કાલાદિકૃત દોષોનું નિવારણ ભલે થાઓ, તથાપિ પ્રારબ્ધવશાત્ વિદ્યમાન દેહાદિનો નિર્વાહ તો ભગવદીય અન્ન વગેરેથી કરવો જ પડે. તેથી સ્વામીની વસ્તુના ભોગથી ઉત્પન્ન થતો દોષ સેવામાં પ્રતિબંધ કરે, તો એની નિવૃત્તિ કેમ થાય? સમાધાન એ કે નિવેદન કરેલી વસ્તુઓથી સમર્પણ કરીને જ સર્વ કરવું એવી ભક્તિમાર્ગની મર્યાદા છે. निवेदिभिः એમાં તૃતીયા વિભક્તિ કરણાર્થમાં છે. નિવેદ, નિવેદન એટલે ભગવાનને સમર્પણ કરવું એ. એ જેમને થયેલું છે તે निवेदी. એવી નિર્વાહના કરણભૂત વસ્તુઓથી (સ્ત્રીપુત્રાદિ અને ગૃહવિત્તાદિ) સમર્પણ કરીને જ સર્વ કરવું. निवेदिभिः એમાં इन् પ્રત્યય मतुप्ના અર્થમાં છે. પોતાના સમર્પણના અવસરે ભગવાનને નિવેદન કરે. દારા વગેરે ચેતન વસ્તુઓથી અને ગૃહ દ્રવ્ય વગેરે અચેતન વસ્તુઓથી જે કરવામાં આવે તે સર્વ ભગવાનને એ વસ્તુઓના યથોચિત વિનિયોગરૂપ સમર્પણ કરીને જ કરવું. કોઈક સ્થલે વૈષ્ણવ નિબંધમાં કહ્યું છે કે 'શાસ્ત્રમાં નિવેદન, દાન અર્પણ ત્રણ પ્રકારનું કહ્યું છે' અમુક ઉદ્દેશથી દ્રવ્ય વાપરવું (ज्ञापन) એ નિવેદન સમજવું. સ્વકીયતાનો ત્યાગ અને પરકીયતાનું સ્થાપન વિધિપૂર્વક એ દાન. સ્વામિભોગ્ય વસ્તુનું સ્વામીને જણાવવું એ અર્પણ. રસોઇઓના દૃષ્ટાન્તમાં એ જોવામાં આવે છે. આ પ્રમાણે આ ત્રણે પ્રમાણભૂત છે. તેથી જ અહીં निवेद्य એમ ન કહેતાં समर्प्य એમ બીજો શબ્દ મૂકયો. सम् ઉપસર્ગ મૂકયો છે તેનો અર્થ ભાવપૂર્વક. એટલે ચેતનોને ભગવત્સેવામાં યોજીને, અચેતન ગૃહ દ્રવ્ય વગેરેનો ઉપયોગ કરીને, અન્ન વગેરેનો નૈવેદ્યરૂપે વસ્ત્રાલંકારાદિના ઉચિત વિનિયોગમાં નિયોજીને 'આપે ઉપભોગ કરેલાં માલા સુગંધ વસ્ત્ર અને અલંકારથી શણગારેલા,

આપનું ઉચ્છિષ્ટ ભોજન કરનારા અમે દાસો આપની માયાને જીતીએ છીએ' એમાં કહેલી રીતિએ એમણે આપેલા પ્રસાદરૂપે તે તે વસ્તુનો ઉપભોગ કરવો, એવી નિર્દુષ્ટ ભક્તિમાર્ગની મર્યાદા છે. અહીં શ્લોકમાં सर्वं પદ છે તેનો અર્થ લૌકિક તથા વૈદિક જે કરવાની ઇચ્છા હોય તે કહ્યું છે. निवेदिभि એ 'વસ્તુ'નું વિશેષણ છે તેથી, અને સમર્પણ ક્રિયા કહી છે તેથી, સર્વત્ર શેષી તરીકે ભગવાનનું સ્મરણ સમજાય છે. તેથી એ પ્રમાણે ભગવત્પ્રસાદ વડે પોતાનો તથા પોતાનાં સર્વનો નિર્વાહ કરવાથી સ્વામીએ નિર્વાહને માટે પોતાની વસ્તુઓ પ્રસાદરૂપે આપેલી છે એમ અનુસંધાન રહે છે, તેથી એ વસ્તુઓના ભોગથી દોષ થતો નથી એમ અર્થ છે. 'આપે ઉપભોગ કરેલાં વસ્ત્ર' એ ઉપર કહેલું વાક્ય તો અવતારના સમય વિષયનું છે, હાલમાં પ્રસાદના દાનનું અનુસંધાન તો જેમ તેમ સમજવાનું જ છે તેથી દોષનિવૃત્તિ કેમ થાય? એવી શંકા કરવી નહિ. એવું અનુસંધાન પણ ફલસાધક છે. 'એ પ્રમાણે મેં આપેલી શેષને શિર પર આદરસહિત ધારણ કરીને પછી જ્યોતિનું ઉદ્વાસન (વિસર્જન) કરવું હોય તો વિસર્જન કરીને ફરીથી અંતરાત્માને વિશે સ્થાપવી' એમ ભગવદ્વાક્ય હોવાથી એમ નિશ્ચય છે. એ જ વાત બીજા પુરાણોમાં પણ કહી છે: 'હે અંબરીષ, નવું વસ્ત્ર, ફલ, અન્ન, રસ વગેરે વૈષ્ણવોએ વિષ્ણુને ઉપભોગ કરાવીને સર્વદા સેવવાં'. વળી કહ્યું છે કે 'વિષ્ણુને નિવેદન કરેલા અન્નથી બીજા દેવતાઓનું યજન કરવું, પિતૃઓને પણ એ આપવું. એનું અનંત ફલ થાય છે.'

શંકા—એમ તો પ્રક્ષાલનપંકન્યાય આવી પડે છે, માટે ઘરની વસ્તુઓના સમર્પણ પહેલાં એ ભગવદીય છે એમ જ માનવું નહિ, કેમકે આત્મસમર્પણને સમયે જે દ્રવ્યનો ઉલ્લેખ કર્યો છે તે તે ભવિષ્યના પરલોકની માફક ભૂત (પહેલાંના) દ્રવ્યને વિશે પણ માત્ર અભિમાનની નિવૃત્તિને માટે કરેલો છે, માટે કાંઈ એનું ભગવદીયપણું થઈ જતું નથી. સમાધાન—આવી શંકા કરવી નહિ. સમર્પણ કર્યા પહેલાં પણ વસ્તુતઃ સર્વ ભગવદીય છે જ, અને એને વિશે પોતાના અભિમાનનો ત્યાગ કરવાથી વધારે સારી રીતે ભગવદીય થાય, માટે ઉપર કહ્યા પ્રમાણે કર્યા વિના પૂર્વોક્ત દોષ દૂર થતા નથી. 'જેટલાથી જઠર ભરાય તેટલું મનુષ્યોનું પોતાનું સમજવું, એથી અધિક જે માને તે ચોર દંડને માત્ર છે' એમ સપ્તમ સ્કંધમાં વાક્ય છે, તેથી જેટલા દ્રવ્યથી ગ્રહણ નિર્વાહ થાય તેટલું જ માત્ર દ્રવ્ય કરવાથી દોષનો સંભવ નથી એમ ન કહેવું; એ વાક્ય તો સામાન્ય છે. આત્મનિવેદનના સંબંધમાં એ કહેવામાં આવ્યું નથી. એટલાથી અભિમાનજનિત દોષ ન થાય તોપણ અભિમાન વિદ્યમાન હોવાથી એના કરતાં પૂર્વોકત વાક્ય જ ઉત્કૃષ્ટ છે. આ પ્રમાણે અહીં સર્વ વસ્તુને સમર્પણ કરવાના ઉપદેશથી સ્વામીની વસ્તુનું ગ્રહણ કરવાથી થતા દોષનું નિવારણ કર્યું. ૪½

હવે જે રીતે સમર્પણને દોષ ન લાગે તે પ્રકાર કહેવાને પ્રથમ દોષવાળા સંસર્ગનો નિષેધ કરે છે:

**न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥**

**અર્થ :** દેવના દેવ ભગવાનને અર્ધ ભોગવેલું સમર્પણ કરવું એ સંમત નથી.

**વિવરણ :** દેવના દેવ એટલે પૂજ્યોના પૂજ્ય ભગવાન. સામિભુક્ત એટલે અર્ધ ભોગવેલું સમર્પણ કરવું એ સંમત નથી. સુખદુઃખ એમાંથી એકનો સાક્ષાત્કાર એનો વિષય તે ભુક્ત અથવા ભોગવેલું. એટલે જેમાંથી લઈને લીધા પછી બાકી રહેલાને વિશે ભુક્તશેષત્વ–વ્યવહાર એ સામમિભુક્ત, ભોગવેલાનું શેષ. વસ્તુ સારી છે કે નહિ એની પરીક્ષાને માટે એમાંથી લઈને મુખ વગેરેમાં મૂકવામાં, સૂંઘવામાં અથવા હાથ લગાડવામાં બાકીની સામિભુક્ત—અર્ધભુક્ત થઈ જતી નથી, કેમકે બાકીનીમાં ભુક્તશેષનો વ્યવહાર નથી. એમાં પણ બીજ (હેતુ) પોતાને એના દર્શન પછી એના ભોગની ઇચ્છાનો અભાવ, અથવા ભોગની ઇચ્છા પછીએ મેળવવાના પ્રયત્નનો અભાવ. જો કોઈને ભોગની ઇચ્છા ઉત્પન્ન થાય તો એ ચેતન પુરુષ અપરાધી છે; જેમ માનસિક વ્યભિચારથી અપરાધ થાય છે તેમ: પણ એમાં કાંઈ અચેતન વસ્તુ



અર્ધભુક્ત થઈ જતી નથી. જો બુભુક્ષા (ભોગની ઇચ્છા) થયા પછી વસ્તુને વિશે ઇન્દ્રિયવ્યાપાર પણ થાય તો વસ્તુને વિશે પણ દોષ આવે છે, તેથી એવી વસ્તુનું સમર્પણ ક્રિયાદૂષક હોવાથી (સમર્પણની ક્રિયાને દોષિત કરવાથી) સંમત નથી—એ પ્રમાણે જે શ્રીગોકુલનાથજીએ કહ્યું છે કે ભગવાનને માટે સંપાદન કરેલા પદાર્થોમાં કદાચિત્ કોઈ એ મધ્યમાં કાંઈક સ્વાર્થને માટે અથવા અન્યને માટે લઈને વિનિયોગ કર્યો હોય તો એ પદાર્થ અર્ધભુક્ત કહેવાય એ અહીં કૈમુતિક[1] ન્યાયથી સિદ્ધ થઈ ગયું સમજવું. વળી એઓએ કહ્યું છે કે પોતાના ઉપભોગને માટે આણેલું વસ્ત્રાદિક કાંઈક સહેજસાજ પોતે ઉપયોગ કરેલો તેવું ભગવાનને સમર્પણ કરીને એ રીતે એનો ઉપયોગ કરીને એવી રીતે અવશેષ જો સમર્પણ કરવાને ઇચ્છે એ પણ અર્ધભુક્ત થયું, માટે સમર્પણ ન કરવું, ત્યાં પોતાના ઉપભોગને માટે છે એવું અનુસંધાન જ દોષનું બીજ છે. એ પ્રમાણે સમર્પિત લેવામાં ભગવાને આપેલા પ્રસાદની બુદ્ધિ કરી શકાતી નથી તેથી, અથવા સમર્પણ ગૌણ હોવાથી અર્ધભુક્ત કહ્યું એમ મને ભાસે છે. અને ભગવાનની વસ્તુના ભોગની ઇચ્છારૂપી અપરાધ થાય તો આ મારો અપરાધ દૂર થાઓ, ફરી આવો અપરાધ મારાથી ન થાઓ, એમ દીનભાવનાપૂર્વક ભગવાનની જ પ્રાર્થના કરવી અને વજ્રચિહ્નવાળા ભગવાનના ચરણારવિંદનું ધ્યાન ધરવું, કેમકે દીનતા ભગવાનને સંતોષ આપે છે; અને તૃતીય સ્કંધમાં કપિલદેવજીનું વાક્ય છે કે 'જેના શૌચ(સ્નાન)માંથી નીકળેલી ઉત્તમ સરિતાનું પવિત્ર જલ શિર પર ધારણ કરીને શિવ શિવરૂપ (કલ્યાણરૂપ) થયા, અને ધ્યાન ધરનારના મનના પાપપર્વત પર મૂકેલું છે વજ્ર જેણે એવું ભગવાનના ચરણારવિંદનું ચિરકાલ ધ્યાન ધરવું.' ભક્તિ એ પાપનાશક છે એ પૂર્વે સિદ્ધ કરેલું છે, માટે એ ધ્યાનાત્મક સ્મરણથી પણ પાપનો નાશ થાય એ ઉચિત જ છે. વળી, ભગવાનના ચરણના ચિહ્નભૂત અંકુશનું ધ્યાન પણ કરવું, કેમકે પદ્મપુરાણમાં ચરણચિહ્નના અધ્યાયમાં 'હે પુત્રક, જેમ હાથીની શિક્ષા માટે અંકુશ છે તેમ એનું ચિહ્ન પણ છે.' એવા આકારને પણ શિક્ષાને માટે કહ્યો છે. રાસપંચાધ્યાયીમાં પણ लक्ष्यन्ते हि ध्वजाम्भोजवज्रांकुशयवादिभिः એની સુબોધિનીમાં મનના નિગ્રહને માટે અંકુશ સ્થાપન કરવો એમ તાત્પર્ય કહેલું છે. આ મને જે ભાસે તે પ્રસંગને લીધે કહ્યું. ૫

આ પ્રમાણે દૂષિત સંસર્ગનો નિષેધ કહીને સમર્પણથી દોષ ન લાગે એનો પ્રકાર કહે છે:

**तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।**
**दत्तापहारवचनं तथा च सकलं हरेः ।**
**न ग्राह्यमिति वाक्यं हि भिन्न मार्गपरं मतम् ॥ ६ ॥**

**અર્થ :** તેથી પ્રથમથી સર્વ કાર્યમાં સર્વ વસ્તુનું સમર્પણ કરવું. ભગવાનને સમર્પિત વસ્તુનું જીવના ઉપયોગને માટે પુનર્ગ્રહણ જેમાં નિષેધ કરેલું છે તેવું વાક્ય, તથા હરિનું સર્વ સમર્પણ કર્યા પછી પણ ગ્રહણ ન કરવું એ ભિન્નમાર્ગને લગતું છે,

**વિવરણ :** અસમર્પિતનો સંસર્ગ અને અર્ધભુક્તનું સમર્પણ અયુક્ત છે, તેથી સર્વ વૈદિક, સ્માર્ત અને લૌકિક કાર્યમાં એ કાર્ય કરતાં પહેલાં તે તે કાર્યમાં અપેક્ષિત સર્વ વસ્તુનું સમર્પણ સંમત છે. એનો પ્રકાર આમ ભાસે છે. ગરુડપુરાણમાં 'જગતના કર્તા મહેશની દિવ્ય આજ્ઞા પ્રમાણે ચાલનારા અમે અહીં નિત્ય ક્રિયા કરીએ છીએ. અમે તારે વિશે સ્નેહવાળા અને વૈષ્ણવ છીએ' એ વાકયમાં વૈષ્ણવનું લક્ષણ કહ્યું છે, તે પ્રમાણે અને એકાદશ સ્કંધમાં કહ્યું છે કે 'સંધ્યા, ઉપાસના વગેરે કર્મો વિધિપૂર્વક મેં કરવા કહેલાં છે, તેઓ વડે સંકલ્પ કરવો, કેમકે એ સંકલ્પ કર્મને પાવન કરનાર છે' એ વાકયો વડે પોતે માત્ર ભગવાનના આજ્ઞાકારી છે. અને શ્રૌતસ્માર્ત કર્મો ભગવદાજ્ઞાપ્રાપ્ત છે એવું અનુસંધાન રાખવું. પછી વિષ્ણુધર્મોત્તરમાં

[1] ઉપલા વાકયમાં કહેલું સમર્પણ જો દોર્ષિત છે તો આ દોષિત વિશેષ હોય એમાં શી નવાઈ?

શંકરગીતામાં કહ્યું છે કે 'જે હરિને પૂછ્યા વિના કાંઈ પણ ક્રિયાનો આરંભ કરતો નથી, જેણે એવી રીતે આર્યમર્યાદા તોડી નથી, તેના પર કેશવ પ્રસન્ન થાય છે' એ વાક્ય પ્રમાણે અને પોતાનો ધર્મ હોવાથી એ કરવાને ભગવાનને વિજ્ઞપ્તિ કરીને એને સારુ સામગ્રી એકઠી કરીને, કર્મ કરવાને ફરીથી આજ્ઞાની પ્રાર્થના કરીને, મહાપાક વગેરે સમર્પણ કરવાને અશક્ય હોવાથી મન અને વાણીનું સમર્પણ કરવું. શ્રાદ્ધ વગેરેને માટે સ્વલ્પ પાક કર્યો હોય તેમાં તો પ્રત્યક્ષ વસ્તુઓ સિદ્ધ થઈ હોય તેનું જ સમર્પણ કરવું. એમ લૌકિકમાં પણ પ્રથમ કરીને પછી તે તે કાર્ય કરવું. એમ વિજ્ઞાપન કરવામાં સમર્પણવ્યવહાર વસ્તુતઃ થતો નથી માટે એમ કરવું નહિ, એવી શંકા પણ ન કરવી. વિજ્ઞાપન એટલે વિશેષ રીતે જ્ઞાપન, અર્થનો સારી રીતે બોધ કરવો એ. પ્રયોગો પણ જોવામાં આવે છે કે 'આ વાક્ય સમર્પક છે. આ શબ્દ અસમ-પર્ક છે.' વિદ્વાન લોકો એવાં વાક્યો વાપરે છે. એનો અર્થ 'સારી રીતે બોધ' એ જ નીકળે છે. 'નિવેદન' પદનું એમ જ જાણવું. નિવેદિત અજ અંગિરા' ઇત્યાદિમાં એ પ્રમાણે જોવામાં આવે છે.

શંકા—ઉપર કહેલી રીતિએ સમર્પણ કરવામાં ભલે દોષનો અભાવ હો, તથાપિ જ્યારે ઉદ્ધવજીએ પ્રશ્ન કર્યો કે 'સત્પુરુષોએ આદરેલી કેવી ભક્તિ આપને વિશે ઉપયોગી છે?' ત્યારે ભગવાને 'મારી મૂર્તિ' 'તથા મારા ભક્તજનનાં દર્શન, સ્પર્શ, પૂજા' વગેરેથી ભક્તિમાર્ગનો ઉપદેશ કર્યો; ત્યાં 'મને નિવેદન કરેલા દીપાવલોકનો ઉપયોગ કરવો નહિ' એમ આજ્ઞા કરી, તે આજ્ઞા પ્રમાણે ન કરવાથી આજ્ઞાભંગ દોષ થાય તેનો નિરાસ કેમ કરવો? સમાધાનમાં એનો અનુવાદ કરીને એ વિષયની વ્યવસ્થા કેમ કરવી એ दत्तापहार વગેરેથી કહે છે. दत्तापहार એટલે ભગવાનને સમર્પણ કરેલી વસ્તુ ફરીથી જીવના ઉપયોગ માટે ગ્રહણ કરવી એ; એનો નિષેધ જેમાં કરેલો હોય તે दत्तापहारवचनम्. 'अपि दीपावलोकं' એવી જાતિનું વાક્ય ભક્તિમાર્ગના ઉપદેશમાં આવે છે, એટલું શેષ સમજવું. તથા હરિસંબંધી સર્વ સમર્પીને પણ ન ગ્રહણ કરવું એવા અર્થનું વાક્ય ભિન્નમાર્ગનું, વિવક્ષિત ભક્તિમાર્ગ કરતાં અન્યમાર્ગવિષયનું વિચારેલું છે.

આ અર્થ છે. એકાદશ અધ્યાયમાં ભગવાનને વિશે નિશ્ચલ મન ધારણ કરવાની અશક્તિ હોય તો 'જો બ્રહ્મને વિશે મલ ધારણ કરવાને શક્તિમાન ન હોય તો' વગેરેથી એનો અનુકલ્પ (ઉપાયાંતર) કહેતાં જે ભક્તિ ઉપાસનાની શેષ તરીકે કહી તેનો પ્રકાર ઉદ્ધવજીએ પૂછ્યો ત્યારે 'મારી મૂર્તિ, મારા ભક્તજન' વગેરે આઠ શ્લોકથી એ માર્ગનો ઉપદેશ કર્યો તેમાં આ વાક્ય (अपि दीपावलोकं) આવ્યું છે. એમાં જેમ ભગનાનની મૂર્તિનાં દર્શન વગેરે ધર્મો પૃથક્ (જુદા) કહ્યા છે તેમ વૈદિકી તાંત્રિકી દીક્ષા પણ પૃથક્ કહી, એ આ માર્ગમાં નથી, કેમકે અહીં ભક્તિમાર્ગીય ઉપદેશ વિવક્ષિત છે. તથા દાસ્ય વડે આત્મનિવેદન પણ એમ જ કહ્યું તે પણ અહીં પૃથક્ ધર્મ તરીકે નથી, કેમકે અહીં એ તો અધિકારરૂપે પ્રથમથી જ વિવક્ષિત છે. તથા આગળ 'સૂર્ય, અગ્નિ, બ્રાહ્મણો, ગાયો' ઇત્યાદિથી એકાદશ પૂજાનાં સ્થાન ત્યાં દર્શાવ્યાં. સમાપ્તિમાં 'ઇષ્ટાપર્ત (કૂવા વાવ કરાવવાં એ)થી એ પ્રકારે જે એકાગ્ર ચિત્તથી મારું યજન કરે તે મારે વિશે સદ્ભક્તિ પ્રાપ્ત કરે છે, અને પછી સાધુઓની સેવાથી મારી સ્મૃતિ થાય છે' એમ કહી એમ કરવાથી ભક્તિની પ્રાપ્તિ કહી, એ વડે 'પોતાની સ્મૃતિ' ફલરૂપે કહી. વિવક્ષિત માર્ગ તો 'હે યદુનંદન, હવે આ પરમ ગુહ્ય સાંભળ. જોકે સુગોપ્ય છે તોપણ તને કહીશ, કેમકે તું મારો દાસ છે, મિત્ર છે, સખા છે,' એમાં સુગોપ્યકથનની પ્રતિજ્ઞા કરીને પછી દ્વાદશ અધ્યાયમાં એ ભક્તિ કહીને, એનાથી આગળ છ અધ્યાયોથી બીજું પણ એ પ્રશ્નને અનુસાર કહીને, પછી ઓગણીસમા અધ્યાયમાં 'હે વિશ્વેશ્વર, વિશ્વમૂર્તે, આપનો મોટાઓથી શોધવા યોગ્ય ભક્તિયોગ મને કહો' એવો મોટો અભિલાષ કરે છે એથી ભક્તિનો પ્રશ્ન ફરીથી એણે કર્યો ત્યારે ભગવાને 'ભક્તિયોગ પહેલાં કહ્યો છે, હે નિષ્પાપ, તને એના પર પ્રીતિ હોવાથી ફરીથી મારી ભક્તિનું પરમ કારણ કહીશ' એમ દ્વાદશ અધ્યાયમાં કહેલી ભક્તિનો પરામર્શ



કરીને એના પરમ કારણ તરીકે કથિતાર્થની પુનરાવૃત્તિની પ્રતિજ્ઞા કરીને, 'મારી અમૃત કથામાં શ્રદ્ધા' વગેરે ચાર શ્લોકથી કહીને, 'હે ઉદ્ધવ, આવા પ્રકારના ધર્મોથી આત્મનિવેદી મનુષ્યોને મારે વિશે ભક્તિ થાય છે, પછી એને શો અર્થ બાકી રહે છે?' એ પ્રમાણે પાંચમા શ્લોકમાં પૂર્વોક્ત ભક્તિ પ્રાપ્ત થયાથી પુરુષાર્થ-પ્રાપ્તિ કહીને, સમાપ્ત કરે છે. માટે અધિકારભેદથી, સાધનભેદથી બંને ભક્તિમાર્ગનો ભેદ સિદ્ધ થાય છે, તેથી दत्तापहारબોધક વાક્ય જ્યાં કહ્યું તે એ જાતના ભક્તિયોગનું છે, આ માર્ગનું નથી, માટે અહીં સમર્પિતનું ફરીથી ગ્રહણ કરવામાં આજ્ઞાભંગનો દોષ કે વાક્યવિરોધ આવતો નથી. ૬

શંકા—વાક્યવિરોધનો પરિહાર વગેરે એ પ્રકારે ભલે થાઓ, તથાપિ સર્વ કાર્યની શરૂઆતમાં સર્વ વસ્તુનું સમર્પણ અને અસમર્પિત વસ્તુઓનું વર્જન કરવાનું જે કહ્યું તે અશક્ય ઉપદેશરૂપ છે, કેમકે સર્વ કાર્ય કાંઈ પહેલાં જાણી શકાતાં નથી. જ્વરાદિના પથ્ય તરીકે વૈદ્યો એ સમયે આપવાનું કહે તે પ્રથમ જાણી શકાય જ નહિ. તથા કોઈ આપ્તજન, સંબંધી કે શિષ્ય, કોઈ દ્રવ્યવાન સવિનય અથવા બળ કરીને (હઠથી) પોતાને ઘેર ભોજન કરાવે અથવા વસ્ત્રાલંકારનું દાન કરે ત્યાં સમર્પણ કરવું બની શકે નહિ, તેથી અસમર્પિતનું વર્જન કરવાનું અશક્ય થાય; એમ થવાથી એવી જગ્યાએ સ્વધર્મનિર્વાહ કેમ થાય? સમાધાનમાં નીચેનો શ્લોક કહે છે :

**सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ।**
**तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ ७ ॥**

**અર્થ :** લોકમાં સેવકોનો વ્યવહાર જેવો પ્રસિદ્ધ છે તે પ્રમાણે સમર્પણ કરીને કરવું; એનાથી સર્વની બ્રહ્મતા થાય છે.

**વિવરણ :** જેઓ સેવે તે સેવકો, સેવા કરનારા. લોકમાં જેમ એમનો વ્યવહાર પ્રસિદ્ધ છે તેમ સમર્પણ કરીને જ કરવું. નિષ્કપટ રીતે સેવા કરનારાઓ પોતાના ગુરુને અથવા પોતાના ધણીને કાર્ય કરતાં પહેલાં અથવા પછી, અથવા બંને સમયે વિજ્ઞાપના કરે છે, તેમ સમર્પણ કરીને વ્યવહાર કરવો, કેમકે વિજ્ઞાપનમાં પણ 'સમર્પણ' શબ્દનો પ્રયોગ સિદ્ધ કર્યો છે. વળી મન, પંચ તન્માત્રા, ઇન્દ્રિય, અને પ્રાણનો વ્યવહાર ગુણના સન્નિપાતરૂપ છે. એ જેમ સેવકોનો પ્રસિદ્ધ છે, એ જેમ ચાલે છે, તેમ સમર્પણ કરીને કરવું. 'સંગથી છૂટેલાને પણ ઉદ્દીપ્ત કામને અટકાવવો શક્ય નથી, તો કામમાં જે આસક્ત છે તેની શી વાત કરવી?' એ વાક્યમાં કહ્યા પ્રમાણે કામને અટકાવવો અશક્ય છે. તથા પોતાને કાંઈ વસ્તુ ઉપભોગ કરવાની ઇચ્છા થાય તો પ્રભુને વિજ્ઞાપના કરીને અને એમ કરીને સમર્પણ કરીને, પશ્ચાત્ એનો ભોગ કરવો, કેમકે એકાદશ સ્કંધમાં સત્પુરુષોએ આદરેલી ભક્તિ કહેતાં ભગવદ્વાક્ય છે કે 'જે જે લોકમાં ઇષ્ટતમ હોય, જે આત્માને પ્રિય હોય, તે તે મને નિવેદિત કરવું. એ અનંતપણાને પામવા યોગ્ય થાય છે.' એ પ્રમાણે પોતાની અશક્તિથી સર્વ પાક કરવાની અશક્તિ હોય તો પોતાના માટે જાતિકુલ-મર્યાદાનો નિર્વાહ કરવા માત્ર એટલો પાક કરીને સમર્પણ કરવામાં પણ દોષ નથી. લોકવ્યવહાર એમ જ સિદ્ધ થાય છે. પણ એમાં આટલું તારતમ્ય છે. ઓગણીસમા અધ્યાયમાં ભક્તિના પરમ કારણ તરીકે આત્મનિવેદીઓના જે ધર્મો 'મારી અમૃત કથામાં શ્રદ્ધા' વગેરે સાડાચાર શ્લોકથી કહ્યા તેમાં સર્વ કામ વર્જન કરવાનું અને ભગવાનને માટે એને વિરોધી અર્થભોગસુખનો પરિત્યાગ કરવાનું કહ્યું. એની વિરુદ્ધ આ (સમર્પણ કરીને ભોગ કરવો એ) મુખ્ય સાધન કક્ષાને પહોંચતું નથી તેથી એ પ્રમાણે કરનારે 'એ કામોને ભોગવનારે' એ ન્યાયથી ગ્લાનિ રાખવી, 'અશક્ય અથવા સુશક્યમાં સર્વથા હરિ શરણ છે' એમ

ભાવના રાખવી, અને અંકુશ-વજ્રયુક્ત ચરણનું ધ્યાન ધરવું. એમ કરવાથી આ મનનો દોષ જલદી નિવૃત્ત થાય છે, તેથી પ્રસંગ હોવાથી આ કહ્યું.

શંકા—જેનો સમાન કર્તા છે તેવી બે ક્રિયાઓમાં પૂર્વ કાલની ક્રિયામાં क्त्वा પ્રત્યય વાપરવો એવું અનુશાસન હોવાથી, અહીં समर्प्य પ્રયોગ હોવાથી, કાર્યથી સમર્પણનું પૂર્વકાલિત્વ પ્રાપ્ત થાય છે, માટે પૂર્વ **અથવા પછીથી** એમ કહો છો ? આ શંકા ન કરવી. અહીં સેવકોના લોકવ્યવહારની માફક ભગવત્સેવકોના વ્યવહારની સિદ્ધિને માટે એમ કરવાનું વિધાન હોવાથી, समर्प्य એ પદનું કાર્યના વિશેષણમાં જ તાત્પર્ય હોવાથી એવી રીતે એનો અનુવાદ કર્યો છે, તેથી કાલબોધમાં એનું તાત્પર્ય નથી, નહિતો સર્વથી પહેલાં સમર્પણ-વાક્ય વડે જ સર્વ કાર્યના પૂર્વ કાલમાં સમર્પણ પ્રાપ્ત થવાથી એના અનુવાદના વૈયર્થ્યનો પ્રસંગ આવી પડે. માટે કાંઈ પણ દોષ નથી. એ પ્રમાણે સર્વ દોષની નિવૃત્તિનું સ્વરૂપ, ફરીથી એ દોષોની ઉત્પત્તિ ન થાય એનો ઉપાય, પાછળથી સમર્પણ કરવાની ક્રિયાના નિર્દોષત્વનો પ્રકાર, વિરુદ્ધ વાક્યોની વ્યવસ્થા, આજ્ઞાનિર્વાહનો પ્રકાર, વ્યવહાર પ્રમાણે ચાલવા છતાં દોષના અસંભવનો પ્રકાર, એ સર્વેનો ઉપદેશ કરીને એનું ફલ सर्वेषां ब्रह्मता ततः એનાથી કહે છે. ततःમાં तद् શબ્દ છે તે પૂર્વે કહેલાં સર્વ સાધનોનું સૂચન-સ્મરણ કરાવે છે, **એટલે** ततः **એટલે ઉપર કહેલી રીતિએ બ્રહ્મસંબંધથી શરૂ કરીને સાધન કરવાથી સર્વે આત્મનિવેદીઓની બ્રહ્મતા એટલે દોષથી રહિતપણું, સર્વત્ર સમતા થાય છે.** 'બ્રહ્મ નિર્દોષ અને સમાન છે' એ વાકયથી બ્રહ્મ એવું હોવાથી એતી-**પ્રભુની આજ્ઞામાં પ્રમાદ નહિ કરવાથી એમ થાય છે,** તેથી કલિ વગેરેના દોષોનો એઓમાં અભાવ હોવાથી, એમણે કરેલી સેવાનો પ્રભુએ અંગીકાર કરવાથી સુખથી ફલ સિદ્ધ થાય છે. ૭

એ પ્રમાણે સર્વદોષનિવૃત્તિના ઉપાયનો ઉપદેશ કરીને, દોષો સ્વરૂપે વિદ્યમાન હોવાથી એઓ સેવામાં કેમ પ્રતિબંધક ન થાય એ સારી રીતે સમજી શકાતું નથી, અને તેથી હીન અધિકારીઓને અવિશ્વાસ અથવા સંશય થાય, એટલે સર્વ નાશ થવાની આપત્તિ આવી પડે, માટે એનું નિવારણ કરવાને સિંહાવલોકનથી પૂર્વે કહેલું સર્વ વિચારતાં દૃષ્ટાંતથી એ દોષોની નિવૃત્તિ જાણવાનો ઉપાય કહે છે :

**गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ।**
**गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८ ॥**

**અર્થ :** જેમ ગંગાજીમાં મળેલાં રસ્તાનાં જલોના સર્વ દોષ ગંગાજીરૂપ થઈ જાય છે અને ગંગાજીરૂપ થઈ જવાથી એના ગુણ દોષ, એમાંની મૃત્તિકા વગેરેનું કોઈ જુદું નિરૂપણ કરતું નથી, તે પ્રમાણે અહીં પણ સમજવું.

**વિવરણ :** અહીં આગળ દાર્ષ્ટાન્તિક વાક્યમાં तद्वत् પદ છે, તેથી પ્રથમ વાક્યમાં यद्वत् અથવા 'यथा' અધ્યાહાર સમજવું. જેમ ગંગાજીમાં મળેલાં રસ્તાના જલ વગેરેના સર્વ દોષ ગંગાજીરૂપ થઈ જાય છે કેમકે ગંગાજીનું એમાં પ્રધાનપણું છે, અને જેમ એ ગંગાજીરૂપ થઈ જવાથી એના બીજા ગુણદોષ અને મૃત્તિકા વગેરેના વર્ણનનું નિરૂપણ થઈ શકતું નથી, સર્વે પણ કહે છે કે મેં ગંગાજલ પીધું, ગંગાજીમાં મેં સ્નાન કર્યું, તેથી મારો આ જ્વર વગેરે નિવૃત્ત થયો, અને જ્વરાદિનો અભાવ અનુભવે છે, રસ્તાના જલ વગેરેના પાનસ્નાનના ગુણદોષ અનુભવતા નથી; हि એટલે નિશ્ચયથી; અહીં એટલે બ્રહ્મસંબંધ કરવામાં પણ ઉપર કહેલી રીતિએ ભગવદીયત્વ, ચકારથી ભગવદનુસંધાન વગેરેના પ્રધાનપણાને લીધે तद्वत જ એટલે ગંગાજીમાં મળી ગયેલા દોષોની માફક જ પૂર્વે કહેલા પાંચ પ્રકારના સર્વ દોષના વર્ણનનું



નિરૂપણ થઈ શકતું નથી. એટલે સ્વરૂપથી એ દોષો વિદ્યમાન જાણવામાં આવે કે ન આવે તોપણ ગંગાજીમાં એ દોષોનો નાશ થઈ જાય છે તેમ જ આ દોષોનો પણ સ્વરૂપનાશ થઈ જાય છે એમ હીન અધિકારીઓએ સમજીને સ્વાત્માનું રક્ષણ કરવું જોઈએ. વેદ તથા બ્રહ્મસૂત્રમાં તત્ક્રતુન્યાય સિદ્ધ જ છે, તે પ્રમાણે સર્વદા સર્વત્ર ભગવદીયત્વનું અનુસંધાન રાખવાથી ભગવદીયત્વની જ સિદ્ધિ થાય છે. આ અહીં પ્રાચીનોના મત પ્રમાણે વ્યાખ્યાન કર્યું.

મને તો અહીં બીજું કાંઈ પણ ભાસે છે : જો આટલું જ અહીં અભિપ્રેત હોત તો 'કોઈ પણ રીતે માનવા નહિ' એમ કહી 'ગંગાત્વ' વગેરે વદત. ત્યાં નહિ કહેતાં 'સર્વ બ્રહ્મરૂપ એનાથી થાય છે' એમ ફલકથન કરીને કહ્યું, તેથી એની ફલબોધકતા પણ અભિપ્રેત છે એમ જણાય છે, એટલે અહીં પ્રથમ બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ કહીને, આગળ ભાવી દોષનો સ્પર્શ ન થાય એ માટે સમર્પણ બે પ્રકારનું કહ્યું : ભગવદ્ધર્માનુરોધી અને લૌકિકવ્યવહારાનુરોધી. એમાં પ્રથમ સમર્પણ કરવાથી બ્રહ્મતારૂપ ફલ, અને દ્વિતીય કરવાથી તો, ગંગાના સંસ્પર્શથી જેમ દોષોની નિવૃત્તિ થાય તેમ, આ દોષોની માત્ર નિવૃત્તિ. આથી સેવાફલ ગ્રન્થમાં કહેલા મધ્યમ અને હીન ફલને ઉપયોગી સેવોપકારકત્વ ક્રમથી સિદ્ધ થાય છે, તેથી અન્ય માર્ગમાં જે દોષનિવૃત્તિને માટે બીજા સાધનની અપેક્ષા રહે છે તે દોષનિવૃત્તિ આ માર્ગમાં સેવાનો અધિકાર સંપાદન કરનાર સંસ્કારનું આનુષંગિક ફલ છે તેથી પણ આ સિદ્ધાંતનું રહસ્ય સમજવું. ૮

આ પ્રમાણે પ્રભુપ્રેરણાથી મને ભાસ્યું તે મેં કહ્યું. આ મેં સ્વબુદ્ધિથી કહ્યું નથી, માટે નિજદાસ પર કરુણા કરીને પ્રભુ જ મારા અંતઃકરણને અલંકૃત કરો. (૧)

અહીં જે કાંઈ સત્ અસત્ ક્વચિત્ જીવબુદ્ધિથી કહેવાયું હોય, એ મારો દોષ કૃપાલુ આચાર્યચરણ ક્ષમા કરો. (૨)

**શ્રીમદ્વલ્લભાચાર્યચરણૈકતાન–પીતાંબરાત્મજ–પુરુષોત્તમવિરચિત**
**સિદ્ધાન્તરહસ્યવિવરણ સંપૂર્ણ**

श्रीकृष्णाय नमः ।

# सिद्धान्तरहस्यम् ।

श्रीमद्वल्लभाचार्यचरणदृष्टम् ।

श्रावणस्यामले पक्षे एकादश्यां महानिशि ।
साक्षाद्भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥
ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।
सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः [1]स्मृताः ॥ २ ॥
सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।
संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥
अन्यथा सर्वदोषाणां न निवृत्तिः कथञ्चन ।
असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥
निवेदिभिः[2] समर्प्यैव सर्वं [3]कुर्यादिति स्थितिः ।
न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥
तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।
दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥
न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥ ॥ ६ ॥
सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ।
तथा कार्यं समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ ७ ॥
गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ।
[4]गङ्गात्वे न निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८ ॥

इति श्रीवल्लभाचार्यविरचितं सिद्धान्तरहस्यम् ॥

---

१. मताः ॥ २. श्रीहरिः ॥ नन्वसमर्पितवस्तुवर्जनेन सर्ववस्तुसमर्पणं प्राप्तं, तत् किं स्वयं स्वभावेन समर्पयेद्, अन्यथा चेति संदेहे प्राहुः **निवेदिभि**रिति । भगवान् हि यशोदास्वामिनीहस्त एव समर्पितं भुनक्तीति, निवेदिनो निवेदो निवेदन तद्युता निवेदिनः, त एव सर्वथा कृतनिवेदना मातृचरणस्वामिनीप्रभृतयः, तैः कृत्वा, सर्वं समर्प्यते, सर्वं भगवते समर्पयन्तीति भावनया सर्वं समर्प्य पश्चात् स्वयं तदुपभोगं लोके वेदे च कुर्यादित्यर्थः ॥ ३ कार्यम् ॥ ४. 'गङ्गात्वे न' 'गङ्गात्वेन' इति द्वावपि पाठौ टीकाकृतां टीकाविषयः ॥